# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૩ | ૪ | ૧૦-૭ -૨૦૦૨ |

નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ
ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
ફોન : ૪૪૪ ૯૯૧૬ • ૪૪૪ ૯૯૨૯

*

**મંત્રી : શીરીષ પરીખ**
બ્લોસમ કાર્ડસ, ૮૮/E ખાડીલકર રોડ, ૪, નારાયણવાડી બિલ્ડિંગ, કાંદાવાડી, મુંબઈ - ૪૦૦ ૦૦૪
ટે.ઓ.: ૩૮૬૦૦૨૯/૩૮૨૫૦૨૫ • ઘર : ૩૮૮૯૬૦૬
ફેકસ : ૨૦૮ ૪૧૧૦

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૩૮૮૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


## એક શ્રદ્ધા - એક વિશ્વાસ

મારી ૧૯ વર્ષની ઉંમર હતી. એક વાર મારી બહેનને બતાવવા મારે કોઠારી હોસ્પિટલમાં જવાનું થયું. ત્યારે તો ઈંટની દિવાલો અને ઉપર છાપરા ગોઠવેલાં હતા. પણ, ઘણા દર્દોનું ચેકીંગ ત્યાં ઘણા સસ્તામાં પતી જતું એટલે મધ્યમવર્ગના દર્દીને સારી રીતે પરવડી શકતું હતું. ૧૯૫૧ની સાલ હતી. હોસ્પિટની રૂમો બહાર કોઈને કોઈ સારાં ચિત્રો મૂકેલાં હતાં. એક ચિત્રમાં એક યુવાન પુરુષ ‘ઘોડો’ થયો હોય છે. તેના ઉપર તેનું એક નાનકડું બાળક અને બાજુમાં પુરુષની પત્ની ત્રણેના મોઢાના ભાવ ઉપર નરી નિર્દોષતા અને એક આદર્શતાની ઘેરી છાપ મારા મન ઉપર પડી. તે આજે પણ અંકિત છે.

નાની ઉંમરમાં અંકિત થયેલી અને મનમાં ઘડેલી એક છબી જીવનનો આદર્શ બની શકે છે. કેવા બનવું એ આપણા હાથની વાત છે. સુખનો સંકલ્પ અને સુખની પ્રપ્તિ માટે આપણે મનમાં યજ્ઞ કરીએ પણ કોઈક અલૌકિક શક્તિ આપણને મદદ કરે છે તેની બહુ ઓછાઓને ખ્યાલ હોય છે. સુખ મેળવવા સુખનો માર્ગ ખાલી ‘ધન’ સિવાય બીજું કશું જ નથી એવો બધાંને ખ્યાલ છે. સારું વાંચન, શાસ્ત્રોમાં રહેલું જ્ઞાન અને જગતની પ્રત્યેક ચીજમાં સારાઈ છે. માનવા જેવી વાત છે. પ્રભુને ગમે તેવું કાર્ય કરીએ તેના જેવી ઉત્તમ સેવા કે આદર્શ બીજો એકેય નથી. જે આદર્શ આઝાદી પહેલાં હતો તે આજે નથી. નીચલા સ્તરને ઉપર લાવવાનો, અશિક્ષિતને શિક્ષિત કરવાનો, બીજાને ઉપયોગી થવાનો આદર્શ આજે સિમિત થઈ ગયો છે.

એક નાની વાર્તા વાંચી. તેમાં એક આદર્શ છે. ભોળી બાળકીનું સ્વપ્ન છે. એ સ્વપ્નને એક ‘ચમત્કાર’ કેવી રીતે મદદ કરે છે ?

એક અમેરિકન છોકરીની વાત છે. આઠ વર્ષની નામ એનું સીન્થીયા. એની સમજણ ખુબ. એનો નાનો ભાઈ એન્ડ્રુ બહુ બિમાર છે. ઘરમાં વાતચીત સાંભળી અને તેનો સાર હતો કે એન્ડ્રુને ઓપરેશન વગર સારું નહીં થાય. હવે તો ચમત્કાર જ એન્ડ્રુને બચાવી શકશે.

સીન્થીયા પોતાની રૂમમાં ગઈ. બરણીમાં તેને થોડા પૈસા બચાવી રાખ્યા હતાં. પૈસા કાઢી ગણ્યા. ૧ ડોલર ૧૧ સેન્ટ એને ત્રણ ચાર વાર ગણ્યા. પૈસા લઈને મુઠી વાળીને તે પાછલા દરવાજેથી દોડી. દુકાનદાર પાસે ગઈ. એ દુકાનદારે સામેની દવાની દુકાન ઉપર મોકલી. કહેતી કે મને ચમત્કાર ક્યાં મળશે. દુકાનદારે ફરી પુછ્યું, ''તારે શું જોઈએ છે ? છોકરી પોતાની વાત કરી - મારો ભાઈ એન્ડ્રુને મગજમાં ગાંઠ છે અને મારા ડેડી કહે છે ચમત્કાર જ એને બચાવી શકે. 'ચમત્કારના કેટલા પૈસા ?' 'બેટા અમે ચમત્કાર વેંચતા નથી. માફ કરજે હું તને મદદ કરીશકું તેમ નથી. ખૂબ જ નરમાશથી દુકાન દારે એને સમજાવી.'

'મારી પાસે પૈસા છે. કેટલા પૈસા થાય ? જરૂર પડે તો બીજા વધારાના પૈસા લઈ આવું.'

શીકાગોથી આવેલા ભાઈએ સૂટ પહેર્યો હતો. તેમને નીચે વળીને એ નાની છોકરીને પુછયું 'તારા ભાઈ માટે કયો ચમત્કાર જોઈએ છે ?' 'મને ખબર નથી પણ એટલી ખબર છે કે એ બહુ બિમાર છે. મારાં મમ્મી કહે છે કે એને ઓપરેશનની જરૂર છે. મારા ડેડી પાસે એટલા પૈસા નથી એટલે હું મારા પૈસા લાવી છું.' છોકરીએ કહ્યું.

તારી પાસે કેટલાં પૈસા છે ? એક ડોલર ને અગિયાર સેન્ટ. હમણાં તો મારી પાસે આટલા પૈસા છે. પણ જરૂર હોય ત્યારે વધારે લઈ આવીશ. પેલા સૂટવાળા ભાઈએ કહ્યું, 'આ તો કેવી કમાલ ! તારા ભાઈ માટે જોઈતા 'ચમત્કાર'ની કિંમત ૧ ડોલર ૧૧ સેન્ટ જ છે.'

## શ્રી મોહનલાલ જેઠાલાલ દોશી ચેરીટેબલ ટ્રસ્ટ
## અનુકરણીય ઉમદા દાન

અમને જણાવતા અત્યંત આનંદ થાય છે કે ડૉ. નટવરલાલ એસ.પરીખના સ્નેહીજનોતરફથી ''ડૉ. નટવરલાલ એસ. પરીખ ન્યાસફંડ''ના નામે રૂા. ૨૫૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર પુરા)નું ન્યાસફંડ પ્રાપ્ત થયું છે. ટ્રસ્ટ ઉપરોક્ત દાતાઓનો હાર્દિક આભાર માને છે. ઉપરોક્ત ન્યાસફંડમાંથી ઉપજનારી રકમ જરૂરતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક રાહત આપવામાં વાપરવામાં આવશે.

***અસીત દેસાઈ, સતીશચંદ્ર ભી. પરીખ***
***માનદ્ મંત્રીઓ***

## જાહેર અપીલ

ઉપરોક્ત મંડળની કાર્યવાહક સમિતિની બેઠકમાં નક્કી કર્યા મુજબ કોલેજમાં ગર્લ્સ સ્ટડીરૂમમાં (વિદ્યાર્થીનીઓ માટે અભ્યાસરૂમ)ના નામકરણ માટે રૂા. ૨,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પચીસ હજાર પુરા)કે તેથી વધુ રકમ અને યુ.જી.સી. સહાયમાંથી ગ્રાઉન્ડમાં બનાવેલા નવા રૂમના નામકરણ માટે રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા)કે તેથી વધુ રકમનું દાન આપનાર દાતાનું નામ અથવા તેઓશ્રી સૂચવે તે પ્રમાણે નામ આપવાનું નક્કી કરવામાં આવેલ છે. તો બાલાસિનોરના સખાવતી દાતાઓને અપીલ કરવાની કે ઉપરોક્ત બંને રૂમોના નામકરણ માટે દાન આપી મંડળને આભારી કરશો.

**નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)** — **પ્રમુખ**
**જશવંત પરીખ** — **માનદ્ મંત્રી**

એમણે એક હાથમાં પૈસા લીધા અને બીજો હાથ પકડીને કહ્યું, 'ચાલ તું મને તારા ઘરે લઈ જા, તારા ભાઈ અને ડેડી-મમ્મીને મળવું છે. એ સૂટવાળા ભાઈ જાણીતા સર્જન ડૉ. કાર્લટન આર્મસ્ટ્રોન્ગ હતા. એમને કાંઈપણ લીધા વિના ઓપરેશન કર્યું અને થોડા વખતમાં એન્ડ્રુ સારો થઈને હોસ્પિટલથી ઘરે ગયો. આ ઓપરેશન એક ચમત્કાર જ કહેવાય. નાના બાળકની શ્રદ્ધા.

આપણે પણ નાના હતા ત્યારે એક પાઠ હતો 'મા' પોતાના બાળકને શાળાએ મોકલતી. શાળાનો રસ્તો જંગલમાંથી જવાનો હતો. મા એ એટલું જ કીધું બેટા રસ્તામાં ગોપાલ તારો મિત્ર છે. તું તેને બોલાવજે અને તને જંગલ પણ પાર કરાવશે. ત્યાંથી તું શાળાએ જતો રહેજે. અને ખરેખર ગોપાલ એને સાથ આપે છે. બે જણા વાતો કરતા કરતા જાય અને રસ્તો પુરોં થતાં ગોપાલ અદૃશ્ય થઈ જાય. આ એક શ્રદ્ધાથી જ એને અપાર બળ મળ્યું અને ગોપાલનો સાક્ષાત્કાર થયો. મા બાળકની કેટલી બધી શ્રદ્ધા.

અમેરિકાનું એક બીજું દ્રષ્ટાંત જાણવા મળ્યું. દીકરાએ બાપને પુછયું, 'ડેડી તમને કલાકનો કેટલો પગાર મળે છે. બાપને ગુસ્સો આવે છે. ઓફીસથી ઘરે આવેલા બાપને કંટાળો આવ્યો હોય છે. દીકરો આવો બેહુદો સવાલ કરશે એની કોઈ દિવસ અણસાર ન હતો. બાપે ઠપકો આપીને દીકરાને તેના રૂમમાં કાઢી મૂક્યો. કેટલીક વાર વિચાર કર્યા પછી બાપને લાગ્યું કે મેં એને ખોટો ધમકાવ્યો. દીકરો પોતાના રૂમમાં સુઈ ગયો હતો. બાપે તેના રૂમમાં જઈ પુછયું, 'બેટા, તારે આવો પ્રશ્ન કર્યો ?' માથે હાથ ફેરવતા વહાલથી કીધું. 'મારો કલાકનો પગાર ૨૦ ડોલર છે. બોલ બેટા તને શું કામ પડયું ?' 'ડેડી મને ૧૦ ડોલર ઉછીના આપશો ?' બાપે એને ૧૦ ડોલર આપ્યા. એને વિશ્વાસ હતો કે એનો બેટો કોઈ દિવસ માગે નહિ અને વગર ફોગટ પૈસા વાપરે નહિ. ખૂબ જ વિશ્વાસ સાથે બાપે તેને ૧૦ ડોલર કાઢીને આપ્યા. બાપુજીને વહાલથી પુછયું, ડેડી મારી પાસે ૧૦ ડોલર છે અને આ તમે આપ્યા તે ૧૦ ડોલર મળી હું તમને ૨૦ ડોલર આપું છું. 'ડેડી મને તમારો એક કલાક આપશો ?' ડેડીની આંખ ભીની થઈ ગઈ. માથે હાથ ફેરવી કહ્યું, 'બેટા, તારા ઉપર ખૂબ જ પ્રેમ છે, વિશ્વાસ છે. તું કહે તો આખો દિવસ આપું.' 'ડેડી ફકત ૧ કલાક' જીવનની ફીલસુફી આપણે સમજવાની છે. આજે જે પરિસ્થિતિ છે એમાં કેવળ પ્રાશ્ચત્ય ઢબની રીતે જીવવાની પદ્ધતિ આપણે અપનાવી છે. આપણે આપણા વેદો કે ધાર્મિક ગ્રંથોને નજર સમક્ષ રાખી જીવશું તો એ જીવન પ્રભુમય બનશે.

'જે વ્યક્તિ કેવળ પોતાનું પેટ ભરવાની ચિંતા કરે છે તે પાપનો ભાગીદાર થાય છે.' આપણે બધા સ્વતંત્ર રીતે મહેનત કરીને પ્રાપ્ત કરીએ છીએ. નિષ્ઠાથી અને પ્રમાણિક્તાથી તે જ વ્યક્તિ આપેલા ધનનો યોગ્ય ઉપયોગ કરી શકે છે

*– મંગલભાઈ પરીખ*

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ
## રંગમંચની રૂમના નામનો સુધારો

ઉપર્યુક્ત મંડળના સમાચારમાં જૂન માસના અંકમાં રંગમંચની રૂમના નામમાં નીચે મુજબ સુધારો વાંચવા વિનંતી (પાનાનં ૨૮ પર)

શ્રી રમણીકલાલ ચુનીલાલ મોદી (ચેપ)ના બદલે એક રૂમ માટે મળેલ દાનના દાતાનું નામ

શ્રી મણીલાલ ચુનીલાલ મોદી (ચેપ) વાંચવું - બીજું નામ બીજા રૂમ માટે બરાબર છે.

ભૂલ બદલ દિલગીર છીએ.

*પ્રવીણ દેસાઈ, જતીન દેસાઈ*
*મંત્રીઓ*

# ઓસ્ટ્રેલિયા - ન્યુઝીલેન્ડની સ્નેહયાત્રા

**(બા.સાં. મંડળ યોજિત-કમ્ફર્ટ હોલીડેની સંગાથે)**
**(હપ્તો -૩)**

*''વન વન મ્હોરી વનરાઈ રે,*
*આંખને ગમે ને મારું અંતર હરખાય*
*એવી રંગસુગંધ ઘટા છાઈ રે*
*પ્રેમના રંગમાં આખું વિશ્વ તણાય*
*જેમ રાધાની આંખમાં કન્હાઈ રે''* - - રાજેન્દ્ર શાહ

ચોપાસે વિસ્તરેલી પ્રકૃતિની રમણીયતા મનુષ્યના મનને બહેકાવે છે, પ્રસન્નમય કરી દેછે અને તેમાંથી પ્રેમની સરવાણી ફૂટે છે. રાધા-કૃષ્ણની જેમ સામાન્ય પ્રવાસી પણ કુદરતના આ શૃંગારિક-ભવ્યરૂપ પાછળ પાગલ બનતો હોય છે અને પછી તેમાં પ્રગટતો હોય છે, પ્રેમનો આવિર્ભાવ, પ્રેમ-ભક્તિના ઈશ્વરમય વાતાવરણ વચ્ચે, આનંદ અને સંતોષ સાથે અમારો પ્રવાસ નિર્વિઘ્ને આગળ વધી રહ્યો છે. સ્મરણાંજલિકાનાં પ્રભુ-સ્તુતિના ભજનો નિત્ય સમૂહમાં ગાઈ અમારી બસ-સફરને અમે યાત્રાનું સ્વરૂપ આપ્યું, તેમાં આ પવિત્ર-ભાવની પ્રતીતિ થઈ.

દક્ષિણી ટાપુ-પ્રદેશનું સૌથી મોટું બંદર-ક્રાઈસ ચર્ચ. અંગ્રેજોએ તેને યોજનાપૂર્વક વિકસાવ્યું અને પોતાનું મુખ્ય મથક બનાવ્યું. પરિણામે અંગ્રેજી પ્રણાલિકા અને સભ્યતાનો માહોલ ચારેબાજુ જોવા મળે. ત્યાંના બાંધકામ તથા ઈમારતોમાં પણ અંગ્રેજી સ્થાપત્યના દર્શન થાય. અહીંની વસ્તી અંદાજે ૩,૨૩,૦૦૦/- જેટલી. ઉનનુંઆ મુખ્ય બજાર હોઈ, વિમાન સર્વિસ દ્વારા સારા દેશ સાથે તેને સાંકળી લીધેલું. અહીંની મુખ્ય નદી આઈવોન. તેના કારણે 'જળ રમત-હરિફાઈઓ' અહીં ઘણી યોજાય. અમારો મુકામ અત્રે હોટેલ એલ્મસમં હતો. દિવસ દરમ્યાન અમે બસ દ્વારા કેથેડ્રલ સ્કેવર, ટાઉન હોલ, કીસ્ટ કોલેજ, મોનાવીલે, કેશ્મીર હીલ્સ વિ. જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી. ન્યુઝીલેન્ડનું આ પ્રખ્યાત કેળવણીનું મથક. વિશ્વભરના વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરવા આવે. તેની આ અગત્યતાને લઈ અહીં સુપર શોપિંગ સેન્ટરો, ઉત્તમ રેસ્ટેરન્ટો તથા રમ્ય રાત્રિ જીવન જેવા મળે. મેલબોર્નની માફક અહીં સુવિધા-સભર ટ્રામની સુંદર વ્યવસ્થા છે. મુંબઈમાં પણ એક જમાનામાં આવી ટ્રામની અવરજવરથી શહેર ધમધમતું હતું, પરંતુ વસ્તી વધારો લોકોની બેદરકારી અને આર્થિક નુકશાનીને કારણે BEST કંપનીએ તેને બંધ કરવી પડી.

ટ્રાન્સ અલ્પીન એક્ષ્પ્રેસ રેલ્વે દ્વારા બીજા દિવસે અમારે ગ્રેમાઉથ જવાનું ગોઠવાયું. કાચની કેબીનો, ડાઈનીંગ કાર, સુંદર વિજળી વ્યવસ્થા અને બેઠકો તથા સળંગ ગાડી- આ તેની વિશિષ્ટતા. તેમાં ભળી ગતિ. આથી આ સારો રેલ-પ્રવાસ આકર્ષક રહ્યો. જંગલો, પહાડો અને સરોવરના કાંઠેથી તથા પહાડ કોતરી માનવ સર્જીત ટનલોમાંથી આ ઝડપી ગાડી પસાર થતી હોઈ નિસર્ગની અદ્‌ભૂત લીલા જોવાનો આનંદ અનુભવ્યો. અંતે ૭૩૭ મીટરની ઊંચાઈ પર પ્રકૃતિની ગોદીમાં આવેલ આ સુંદર પહાડી પ્રદેશ પર આવ્યા. ત્યાંથી બસ દ્વારા હોટેલ એસ્લે પર પહોંચ્યા. દિવસ ભરની ગાડીની મુસાફરીની થકાવટને ધ્યાનમાં રાખી સાંજ પછી આરામ માટે સમય ફાળવ્યો હતો. તે દરમ્યાન કેટલાંક અહીં તહીં ફરકવા અને ખરીદી કરવા પણ નીકળ્યાં. અજાણ્યા મુલકમાં, વર્ષાની સંગે, ભોમિયા વિના, શહેરી સડકો પર પગપાળા ફરવા જવાનો અનોખો આનંદ હોય છે. તેનો જાત-અનુભવ કર્યો. રાત્રે જમણમાં એક સરપ્રાઈઝ આઈટમ હતી. અમારા જૂથમાંથી એક બહેનની (ઈન્દુબેન ર. ધારીયા) વર્ષગાંઠ હોઈ 'હેપી બર્થ ડે'ની શુભ-ભાવના સાથે

આઈસ્ક્રીમ પાર્ટીનો આનંદ માણ્યો. સમૂહ-પ્રવાસમાં આનંદની ઉજવણીમાં આવા પ્રસંગો અવરનવર યોજાતા હોઈ તેની રંગત કંઈક ઓર રહેતી.

ગીતોની રમઝટ, ઠઠ્ઠા-મશ્કરી તથા મિત્રો-સ્નેહીજનો સાથે હળવા-મળવા વાતોના વડા કરવામાં અઠવાડિયું ક્યાં પુરું થઈ ગયું તેનો ખ્યાલ પણ ન આવ્યો. આ પ્રવાસમાં પ્રત્યેક નવીન દિવસ ઉંગે તે સાથે કોઈ નવો કાર્યક્રમ ઘડેલો જ હોય. આવી નિત્ય-નૂતનતા પ્રવાસીમાં ઉત્સાહ અને તાજગી બક્ષતા રહે છે. આજે સૌ હેલીકોપ્ટરની હવાઈ સફર માટે સજ્જ થયા હતા. ૧૫૬ કિ.મીટરનું અંતર પાર કરીને બસ દ્વારા અમે 'ફ્રેન્ઝ જોશેફ હેલીકોપ્ટર સેન્ટર' પર આવ્યા. અહીં વ્યક્તિદીઠ ૧૩૦/- ડોલર ખર્ચી અડધો કલાકની હેલીકોપ્ટરની રોમાંચિત રાઈડ લેવાની હતી. આ હવાઈ સફરની વિશિષ્ટતાનો ખ્યાલ આવે તે માટે શરૂમાં એક વિડિયો શો તેનાં થીયેટરમાં બતાવ્યો; તેમાં પહાડ-ખેડૂઓ જીવના જોખમે કેવા સાહસ સાથે આવું વિકટ ચઢાણ કરતા હોય છે. તેમની સાહસકથા જોવા મળી. ૬ પ્રવાસીઓને લઈ જતાં આ હેલીકોપ્ટરમાં દરેકે પટ્ટો બાંધવાનો તથા કાનમાં ધ્વનિયંત્ર રાખવાનું હતું. ચોપાસે કાચની કેબિન હોઈ, ઉડ્ડયનવેળા, વનશ્રીથી ઘેરાયેલા પહાડો અને પશુ-પક્ષીઓની સૃષ્ટિ, ખીણમાં ખળખળ વહેતી સરિતા તથા પહાડ પરથી સરકતાં ઝરણાંઓના કુદરતનાં આ રમ્ય સ્વરૂપને જોવામાં ખુદ નિસર્ગમય બની જઈએ એવો માહોલ તેમાં રચાતો અનુભવ્યો. પહાડોની સમાંતરે, આભની અટારીએ પહોંચવા હેલીકોપ્ટર ગતિ સાથે જતું હોય ત્યારે તેનો થડકાટ સૌ કોઈને સ્પર્શે. અંતે ૩૦૦૦ની ઊંચાઈ પર આવેલ બરફના રણસમાન દક્ષિણિ આલ્પસના શિખર-પ્રદેશ પર ઉતર્યાં. ચારેકોર માત્ર શ્વેત રંગનો મહિમા! આ માદક અને ગુલાબી વાતાવરણમાં બરફના ગોળાઓ બનાવી એકબીજા પર ફેંકવાનો આનંદ તથા સફેદ બરફીલી ચાદર પર આળોટવાની મઝા કાંઈક ઓર હોય! શબ્દો તેને વર્ણવવા ટાંચા પડે. જાત-અનુભવ જે 'માંહ્યા પડયા તે મહાસુખ માણે'ની ઉક્તિ મુજબ કામનો. કેમેરાની છબીઓ પર આ અનુપમ દૃશ્યો સૌએ મઢી લીધાં.

આ આનંદને મમળાવતાં ફરીને સૌ નીચે આવ્યા અને બસમાં ગોઠવાયાં - આગલા સ્થળની મુલાકાત માટે વચમાં ગ્લેસિયર પોઈન્ટ પર જવાનો, જંગલમાં થઈને પસાર થતી કેડીઓવાળો પગપાળો માર્ગ જોયો. ટ્રેકીંગના સાહસવીરો માટે આનાથી અધિક આનંદ શો હોઈ શકે! અંતે બસ દ્વારા **ક્વીન્સ ટાઉન**ની હોટેલ રીટઝ પર આવ્યા. અહીં અમારે ચાર રાત્રિઓ ગાળવાની હતી. સુંદર આવાસો, કોઈ ફરિયાદ નહિ.

બીજી સવારથી તો અમારે ક્વીન્સ ટાઉનને અંદર-બહારથી ખૂંદવાનું હતું. વાકાટીપુ સરોવર પર આવેલું ક્વીન્સ ટાઉન દક્ષિણી ટાપુઓનું મહત્ત્વનું મથક. અહીં બીજા સરોવરો પણ અંતર્ગત છે. પરિણામે મત્સ્ય ઉદ્યોગ, બોટીંગ અને તરણ-વિદ્યાની હરિફાઈઓ ખૂબ વિકસેલાં છે. આ જળરાશિનો લાભ લેવા અહીં હાઈડ્રો ઈલેક્ટ્રિસીટીનું મથક સ્થાપી, ન્યુઝીલેન્ડના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આમ પણ ન્યુઝીલેન્ડ તેના ઘેટા-ઉછેર, ફળ-ફળાદિનાં બાગ-બગીચા અને ડેરી પ્રોડક્સ માટે વિખ્યાત છે. ઔદ્યોગિક વિકાસ ન્યુઝીલેન્ડમાં નહિવત્. પરિણામે અહીંની પ્રજાને શ્રમથકી પશુપાલન અને વૃક્ષાદિ ક્ષેત્રે પોતાનો પગદંડો મજબૂત જમાવ્યો છે.

હેવી બ્રેકફાસ્ટને ન્યાય આપી બસ દ્વારા પ્રથમ અમે વાકાટીપુ લેક પર 'કુવારાઉ જેટ બોટ રાઈડ' માટે આવ્યા. ૨૨ ઉતારુઓને સમાવતી આ જેટ સ્પીડ બોટની સફર માત્ર પોણા કલાક પૂરતી હતી. સૌએ લાઈફ જેકેટ પહેરી અને કમરે પટ્ટો બાંધી બોટમાં પોતાનું સ્થાન

ગ્રહણ કરવાનું હતું. બોટની જેટ સ્પીડને લઈનિર્મળ લેકમાંથી ઉડતી વાંછટો અને પાણીમાં પેદા થતી લહેરીઓ સાથે બોટ-ચાલકની હાથની કરામતે રોમાંચિત સાહસનો અનુભવ કરાવ્યો. પાણીથી ભીંજાતા સાથે ઝડપી જેટબોટને જબરજસ્ત જર્ક આપીને બોટની દિશા ફેરવે ત્યારે તેમાં બેઠેલા સૌ ઉતારુઓના પેટમાં ફાળ પડે! જીવ જાણે ટાળવે ચોંટીના જાય, એવા અહેસાસ સૌએ કર્યો. બોટને છેક મધ્ય સરોવર સુધી દૂર લઈ જાય અને અરસપરસ બોટની હરિફાઈ યોજે- આ આખો નૌકા-વિહાર જીવનમાં અવિસ્મરણીય સંસ્મરણ બને તો તેમાં નવાઈ નહિ. આવી સાહસિક રમત સન ૧૯૮૮થી અહીં યોજાતી આવી છે.

ત્યાંથી અમે સ્કાયલાઈન**'ગન્ડોલિયા રાઈડ'** માટે આવ્યા. બે દિવસમાં આ બીજીવાર 'રોપ વે'ની મુસાફરી યોજાઈ હતી. લેક વાકાટીપુના કિનારે ૨૫૦૦ની ઊંચાઈ પર બાવન મીટરનો વ્યાસ ધરાવતું ટાવર બાંધ્યું છે. ખીણ પ્રદેશથી છેક  શિખર પરના ટાવર સુધી 'રોપ વે'ની યાંત્રિક વ્યવસ્થા કરી છે. આ હવાઈ અનુભવ, ચોપાસે કુદરતની લીલા નિહાળતા કરવાનો, સાથે ઊંચાઈ પર આવતા ને હવા પતલી બનતા તેઓ રોમાંચ-એક અકથ્ય આનંદ માણવા મળ્યો. Sky Luge ની મોટર-સફરનું આયોજન અહીં પણ હતું. પરંતુ ભારે વરસાદ અને સૂસવાટા મારતા પવનને કારણે કોઈએ અહીં સાહસ ના ખેડયું.

વચમાં બન્જી જમ્પીંગની સાહસિક રાઈડ જોવા મળી. બે પહાડો વચ્ચેના પુલ પરથી, મશીનના આધારે પગમાં બાંધેલા દોરડા વડે સાહસવીરોને નીચે લેકમાં ફેંકે, પાણીમાં ડૂબકી મરાવીને પાછા ઉપર ખેંચે. આમ બે-ત્રણ વાર કરીને પછી લેકમાં ફરતી નાની બોટમાં તેને ઉતારે. જોનારને પણ ચક્કર આવે એટલી સાહસિકતા આ રમત પાછળ રહેલી છે. પણ જુવાની કોને કહેવાય? સાહસ અને વીરવૃત્તિ તેમની રગમાં હોય. મૃત્યુના મુખમાંથી પાછા ફરતા હોઈએ એવો રોમાંચિત આનંદ આ ભડવીરો જ માણી શકે! કાચા-પોચાનું કામ નહિ.

અગિયારમાં દિવસ મીલફાર્ડ સાઉન્ડ ક્રુઝ માટે ફાળવ્યો હતો.હોટેલથી મુકામ સુધીની બસની સફર પાંચ કલાકની હતી. સવારના સમયે પહાડોનો ચકરાવો લેતી, ઉપર-નીચે જતી, બસની મુસાફરી-પ્રકૃતિની ભવ્યતાના દર્શન કરતા અને ખીણ પ્રદેશ, સરીતાનો નિનાદ, ઝરણાઓ અને પશુ-પક્ષીઓનો સહવાસ તથા પૂર બહાર ખીલેલી વનશ્રીને નિહાળતા મુકામ પર ક્યારે આવી પહોંચી, તે ખબર ના પડી. કવિ ત્રિભુવન વ્યાસની પંક્તિઓ અહીં મોં પર આવી ગઈ-

***'ઘોર અતિવંકી ધરતી ને વંકા પથરાયા બહુ પહાડ,***
***વિકટ અને વંકા પગરસ્તા, ગીચ ખીચોખીચ જામ્યાં ઝાડ;***
***ઝરે ઝરણા બહુ નીરતણાં, જો ગાજે જંગલ ગીતરણાં!***
***ન્યુઝીલેન્ડના પ્હાડોને જંગલો, સાચે ગીરની યાદ આપે'***

એવા રળિયામણાં અને મનને પ્રફુલ્લિત કરનારા. વચમાં 'કી પોપટ'ને જોયાં. ઊંચા ઝાડની બખોલમાં તેના માળાઓ. પ્રભુની શી કરામત! અંતે સમુદ્ર કિનારે આવ્યા. ત્યાંથી Mildford sound cruiseનો દોઢ કલાકનો દરિયાઈ સફરનો સુંદર કાર્યક્રમ હતો. ક્રુઝમાં બેઠા બેઠાં ચોપાસે ખીલેલી કુદરત તથા હરિયાળા પહાડોને મન ભરીને જોવા-માણવાનો તથા સાથે દરિયાનાં ઉછળતાં મોજાઓની મઝા અંકે કરવામાં સમય ઝડપથી વહી ગયો. તૂટ પર ઊભા રહીને ક્રુઝની સફર અનુભવવાનો પણ અનેરો આનંદ હોય છે!

પછીનો દિવસ આરામ તથા શોપીંગ માટે ખાસ રાખ્યો હતો. તે પછી બસ દ્વારા 'માઉન્ટ કુક' જોવા ગયા. દેશ-પરદેશના પ્રવાસીઓ માટે 'માઉન્ટ કુક'ના દર્શન મહત્ત્વના ગણાય. બરફથી છવાયેલાં તેના શિખરો સૂર્ય કિરણોથી સોનેરી ચળકાટ મારતા હતા. હિમાલયના દર્શને આવ્યા હોઈએ તેવો પવિત્ર ભાવ આ જોઈને અવશ્ય કેટલાંક પ્રવાસીઓએ અહીં

હેલીકોપ્ટર રાઈડ પણ લીધી.

રાત્રે થાકી પાકીને હોટલ પર પાછા આવ્યા. ક્વીન્સલેન્ડની આ છેલ્લી રાત્રિ. બીજી સવારે ન્યુઝીલેન્ડની ભૂમિને અલવિદા કરવાની હતી. વિદાય વેળાએ ફળદ્રુપ અને રમણીય પ્રદેશના અનેક સંસ્મરણો મન-ચક્ષુ સમક્ષ આવીને ઊભાં. તેની ગાથા હવે પછીના હપ્તામાં ગાશું.

*(ક્રમશ:)*

***ભગેશ ચં. કડકિયા***

---

# "મંગલ ધામ"

તું બોલાવે, બસ આયો સમજ, તેરો મંગલધામમેં,
દૌડી દૌડી પાસ આવું મૈં, તેરો મુક્તિ ધામમેં.

યે કૈસી લાગન લગી હૈ, તેરે પાગલપનકી,
મનમંદિર અબ મગન ભઈ હૈ, દીવાના તેરે નામકી

પ્રભુ પ્યાસકી, તેરે મીલનકી, કૈસી તેરી રીત યે,

ના સમજ સકા, ના સહ સકા, કૈસી તેરી પ્રિત યે
જીતની બાર યાદ કરું મૈં, પ્યાસ મેરી બઢતી જાયે
તુજ પર મેં વારી જાઉં, દીલોકાં યે બંધ હૈ

***'ચાંદશા'***

***ચંદ્રકાંત શાહ (ચટઈ)***

---

⁕ તમારા દુ:ખનું કારણ અંદર છે, અજ્ઞાન અને અભિમાન દુ:ખના કારણ છે.

⁕ મનુષ્યને પોતાની ભૂલ જલ્દી દેખાતી નથી. જગતના કોઈ પણ જીવના દોષ જોશો નહિ. પોતાના મનને સુધારો. તમારી ભૂલ બતાવે એનો ઉપકાર ભૂલશો નહીં.

## શ્રી વલ્લભ શરણ

પ્રભુ આટલી બુદ્ધિ આપજો
કુટુંબ પોષણ થાય,
ભુખ્યા કોઈ સુવે નહીં
અતિથિ ભોઠો ના પડે
જે આવે જાય તેને આપ આંગણે
આશીષ દેતો જાય,
સ્વભાવ એવો રાખજો સૌ
અંતરના દુભાય, શત્રુ ઈચ્છે મમતા
પાડોશી ઈચ્છે પ્રીત, વિચાર વાણી વર્તન
સૌને આપું પ્રેમ, સંગા સ્નેહી કે શત્રુનું
ઈચ્છુ કુશળ ક્ષેમ

***તારાબેન ભીખાલાલ મોદી***

***(કુમતી)***

---

**પુસ્તક વિતરણનું કાર્ય મંગળ, ગુરુ અને રવિવારે કાર્યાલયના સમય દરમ્યાન ઓગસ્ટ સુધી મળશે.**

***– રૂપિન કડકિયા***

## વાડાસિનોર પ્રગતિ સમાજ
## કો.ઓ.ક્રેડિટ.સો. લિમિટેડ

ઉપરોક્ત સોસાયટીની ૧૬મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૧-૬-૨૦૦૨ને શુક્રવારના રોજ સાંજે ૭ કલાકે ફરામજી કાવસજી ઈન્સ્ટીટયુટ, ધોબીતલાવ ખાતે સોસાયટીના પ્રમુખ શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાલા)ના પ્રમુખ સ્થાને મળી હતી. જેમાં ૩૬૫ શેર-હોલ્ડરો હાજર રહ્યા હતા.

મંત્રી શ્રી પ્રવીણચંદ્ર પુનમચંદ કડકીઆએ ૧૫મી વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન કર્યું હતું, જેને ઠરાવ દ્વારા બહાલી આપવામાં આવી હતી.

૩૧-૩-૨૦૦૨ સુધીના વર્ષ દરમ્યાન થયેલ કાર્યોની જાણ કરતો અહેવાલ ચેરમેન શ્રી રસિકલાલ રમણલાલ કડકીઆએ રજુ કર્યો હતો. જેને બહાલી આપવામાં આવી હતી.

૩૧-૩-૨૦૦૨ સુધીના આવક-જાવકના ઈન્ટરનલ ઓડીટ થયેલ હિસાબો ખજાનચી શ્રી મયુર ચીમનલાલ પરીખે રજુ કર્યા હતાં. જે જરૂરી ખુલાસા બાદ મંજુર કરવામાં આવ્યા હતા.૨૦૦૧-૨૦૦૨ના વર્ષના નફાની ફાળવણીની વિગત તથા કારોબારીના નિર્ણય મુજબ પંદર ટકા ડિવિડન્ડને બહાલી આપવાની વિનંતી ખજાનચી શ્રી પ્રફુલ ચીમનલાલ શાહે રજુ કરી હતી. તે ઠરાવ દ્વારા બહાલી આપવામાં આવી હતી.

ચેરમેન શ્રી રસિકલાલ આર. કડકીઆએ વધુમાં જણાવ્યું હતું કે હવે ધંધાકિય લોન ૧૪ ટકાના બદલે ૧૩ ટકા અને મકાન તેમજ અન્ય કારણોસર લોનની ૧૨ ટકાના બદલે ૧૦ ટકા વ્યાજ લેવામાં આવશે જેનો અમલ કરવામાં તાત્કાલિક કરવામાં આવશે. જે સભ્યોએ હર્ષથી વધાવી લીધું હતું.

મંત્રીશ્રી પ્રવીણભાઈ કડકીઆએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૨ના વર્ષનું ડીવીડન્ડ૧૫ ટકા પ્રમાણે સામાન્ય સભાના આદેશ મુજબ ૧૭મી ઓગસ્ટ, ૨૦૦૨થી કામકાજના દિવસોમાં બપોરના ૧૨ થી ૪ના સમય દરમ્યાન સોસાયટીના કાર્યાલય ખાતેથી આપવામાં આવશે.

જે જુજ સભ્યોએ હજુ સુધી શેરોમાં નોમીનેશન ન કરાવ્યા હોય તેમણે વેળાસર કરવા વિનંતી કરવામાં આવી હતી.

શ્રી જશવંતભાઈ કોદરલાલ પરીખ (એડવોકેટ અને નોટરી)ની વર્ષ ૨૦૦૨-૨૦૦૩ માટે માનદ્ કાનુની સલાહકાર તરીકે નિમણુક કરવામાં આવી હતી.

જે શેર હોલ્ડરો અવસાન પામ્યા છે તેમના નોમીની વારસદારોને વિનંતી કરવામાં આવે છે કે તાત્કાલિક તેમના શેરો ટ્રાન્સફર કરાવી લે.

સહર્ષ જણાવવાનું કે આજની સભામાં દરેક શેર હોલ્ડરને સોસાયટીને ૧૫ વર્ષ પુરા થતાં હોવાથી તેની ઉજવણી તરીકે આકર્ષક ભેટ અપવાની યોજનાને મંજુરી આપવામાં આવી હતી.

આજની સભામાં ચર્ચામાં ભાગ લેતા શ્રી પ્રવીણભાઈ ચી. શાહ (હાથીખાનાવાલા), શ્રી રસિકલાલ સા. મોદી (દેવ), શ્રી સતીષ ભી. પરીખ (રોકડીયા), શ્રી અરવિંદ કાન્તીલાલ કડકીઆ (હાલોલવાળા), શ્રી મણીકાન્ત છો. કડકીઆ, આદિએ રસ લઈ વિવિધ સુચનો કર્યા હતા. જેના સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા.

હાજર રહેલા સભાસદોને ચેરમેન શ્રી રસિકલાલ ર. કડકીઆ (આર.આર)તરફથી આકર્ષક ભેટ આપવામાં આવી હતી.

આજની સભાનું સરળ સંચાલન કરવા બદલ પ્રમુખ શ્રીનો આભાર માનવામાં આવ્યો હતો.

*ચેરમેન શ્રી રસિકલાલ આર. કડકીઆ*
*મંત્રીઓ શ્રી પ્રવીણચંદ્ર પૂ. કડકીઆ*
*શ્રી રજનીકાંત કા. કડકીઆ (લટકારી)*

## શ્રી બાલાસિનોર ગોકુલેશ સમાજ

બાલાસિનોરના અમેરિકામાં વસતા દશાનિમા વૈષ્ણવો જોગ,

**-: 'વ્રજ -માધુરી' પુસ્તક અંગે :-**

શ્રી ઠાકોરજીની કૃપાથી 'વ્રજ-માધુરી' પુસ્તકનું વિતરણ સારી રીતે પાર પાડયું. ખેદ એ વાતનો રહ્યો કે અમેરિકામાં આ પુસ્તક આપી શક્યા નથી.

શ્રી ઠાકોરજીએ જાણે આ પુસ્તકમાં પ્રાણ પુરીને એની માધુરીમાં અને ગરીમા વધારી દીધી.

બાલાસિનોરની બહારના વૈષ્ણવોના લગભગ ૫૦ ફોન-કાગળો આવ્યા. પરંતુ, પુસ્તક ન આપવા બદલ ખેદ વ્યક્ત કરવો પડયો.

**ભાવિ પેઢી માટે**

એમેરિકામાં રહેતો આપણો યુવાવર્ગ તેમજ કિશોરવર્ગ (Tinagers) સારી રીતે ગુજરાતી વાંચી શકતો નથી. આ મતલબના મને ૨-૪ ફોન આવ્યા, કે અમેરિકાના દશાનિમા વૈષ્ણવો માટે અંગ્રેજીમાં આ પુસ્તકની આવૃત્તિ બહાર પાડો જેથી ભાવિ પેઢીમાં ધર્મની ભાવના દૃઢ બને, સુસંસ્કારોનું સિંચન થાય અને પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોને સમજી શકે.

આ પ્રસ્તાવ સરાહનીય છે અને શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજે આ વાતને બહાલી આપવાથી સદરર્વ્રૂરજ-માધુરી' પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ છાપવાનું નક્કી કર્યું છે. આ પુસ્તક માત્ર અમેરિકામાં વસતા બાલાસિનોરના દશાનીમા વૈષ્ણવોને જ રૂમ દીઠ એક પુસ્તક ભેટ આપવામાં આવશે. સાથે એક ગુજરાતીમાં પુસ્તક પણ આપવામાં આવશે. ભારતમાં કોઈને આપવામાં આવશે નહીં. પુસ્તક છપાયા પછી ક્યાં અને કેવી રીતે આવવું તે ત્યાંની કોઈ સંસ્થા સાથે સંપર્ક સાધવામાં આવશે. આ માટે અમેરિકાવાળા ૨૦ (વીસ) મનોરથીઓ ઉભા કરવાના છે. દરેક મનોરથીએ રૂા. ૧૧૦૦૦/- અગિયાર હજાર પૂરા આપવાના રહેશે. 'વહેલો તે પહેલો' આ ધોરણે નામ લખવામાં આવશે. આ માટે ટેલીફોન નં ૩૬૧૩૭૯૫ ઉપર સંપર્ક સાધવો. જેનો ફોન અગર સંદેશો પહેલો આવશે તેનું નામ પહેલું લખાશે. ૨૦ નામ થઈ જશે કે તરત નામ લખવાનું બંધ કરવામાં આવશે. દરેક મનોરથીને ૩ પુસ્તક અંગ્રેજીમાં તેમજ ૨ પુસ્તક ગુજરાતીમાં આમ પાંચ પુસ્તક ભેટ આપવામાં આવશે. કોઈપણ વ્યક્તિનો ફોટો છાપવામાં આવશે નહીં. માત્ર ઠાકોરજીના ફોટા છપાશે. રકમ રૂપિયામાં સ્વીકરવામાં આવશે.

ભારતમાં કોઈને પણ અંગ્રેજીમાં કે ગુજરાતીમાં પુસ્તક જોઈતા હોય તો તેઓને પુસ્તક દીઠ રૂપિયા ૧૨૦/- આપવાથી પુસ્તક છપાયા પછી આપવામાં આવશે. આ માટે ટેલીફોનથી નામ લખાવવાં જેથી તે પ્રમાણે વધારે પુસ્તકો છાપી શકાય.

આપનો સહકાર-અમારો ઉત્સાહ

*લિ. નવનીતલાલ સી. પરીખ (સરકાર)મંત્રીના જય જય ગોકુલેશ*

## વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ.કે.સો.લિ

જ્યોતિપુંજના જુન ૨૦૦૨ના અંકમાં જણાવ્યા મુજબ ક્રેડિટ સોસાયટીના સહકારી જરૂરિયાત તેમજ સહકારી ઓડીટરની રીમાર્ક મુજબ દરેક શેર-હોલ્ડરે પાસપોર્ટ સાઈઝના બે રંગીન ફોટા, ફોટાની પાછળ નામ લખીને, સહી કરીને આપવા જરૂરી છે.

સોસાયટીના રેકોર્ડમાં સંપૂર્ણ નામ, સરનામું અને અન્ય વિગતોની જરૂર હોવાથી અમોએ તૈયાર કરેલ કાર્ડ સોસાયટીના કાર્યાલયમાંથી ડીવીડન્ડ વાઉચર મેળવતી વખતે લઈ તેમાં માંગેલ વિગતો ભરી ઉપર જણાવ્યા મુજબના ફોટા સાથે વેળાસર આપવા વિનંતી છે. જેથી ડીવીડન્ડ આપવામાં સુગમતા રહે અને સોસાયટીનો રેકોર્ડ અપટુડેટ થાય.

*મંત્રીઓ - શ્રી પ્રવીણચંદ્ર પૂ. કડકીઆ,*
*શ્રી રજનીકાંત કા. કડકીઆ (લટકારી)*

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ - કાર્યવાહક સમિતિ વર્ષ ૨૦૦૨-૨૦૦૩

| | ઘર | ઓફિસ |
|---|---|---|
| ૧) શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ - પ્રમુખ | ૩૮૬૯૮૨૧ | ૩૪૪૭૫૮૪, ૩૪૨૬૯૫૪ |
| ૨) શ્રી ભદ્રેશ પ્રવીણચંદ્ર ધારીઆ - ઉપપ્રમુખ | ૩૮૭ ૫૩૮૦ | ૩૪૪ ૫૨૫૧ |
| ૩) શ્રી શીરીષ જગમોહનદાસ પરીખ - મંત્રી | ૩૮૮૯૬૦૬ | ૩૮૬૦૦૨૯, ૩૮૨૫૦૨૫ |
| ૪) શ્રી નીતીન સુરેન્દ્ર પરીખ - સહમંત્રી | ૪૯૪૭૯૪૫ | ૩૮૭૧૬૧૦, ૩૮૨૯૭૭૦ |
| ૫) શ્રી દીલીપ નવનીતલાલ ધારીઆ - સહમંત્રી | ૮૮૧૯૪૨૩ | ૨૦૬૬૫૩૯ |
| ૬) શ્રી હરેન્દ્ર ચીમનલાલ મોદી - ખજાનચી | ૮૦૧૩૪૭૨ | ૮૨૯૧૮૯૭ |
| | ૮૬૩૪૯૫૬ | ૮૨૯૦૩૯૬ |
| ૭) શ્રી સતીષચંદ્ર ભીખાલાલ પરીખ - ટ્રસ્ટી | ૩૮૧૪૧૬૯ | ૨૦૬૭૬૭૬/૨૬૭૩૪૧૮ |
| | ૩૮૧૩૫૧૫ | ૨૬૭૩૪૨૧ |
| ૮) શ્રી રજનીકાંન્ત કાંતીલાલ કડકીઆ - ટ્રસ્ટી | ૫૧૬૦૭૭૧ | ૩૪૨૧૩૧૭ |
| (લટકારી) | ૫૧૬૨૪૭૫ | ૩૪૧૦૮૯૩ |
| ૯) શ્રી સુરેશચંદ્ર લલ્લુભાઈ પરીખ (રોકડીઆ) - ટ્રસ્ટી | ૬૧૨૮૬૫૯ | ૩૦૯૮૭૬૦ |
| ૧૦)શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાલા) - ટ્રસ્ટી | ૩૬૭૯૫૮૭ | ૨૦૪૪૫૩૮/૨૦૪૪૫૬૫ |
| ૧૧) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ - સભ્ય | ૮૬૪૦૧૬૭ | ૩૪૧૨૬૮૭/૩૪૪૭૩૮૨ |
| | ૮૦૫૦૭૩૫ | |
| ૧૨) શ્રી પરેશ નવનીતલાલ ધારીઆ - સભ્ય | ૩૮૫૧૪૪૮ | ૩૮૫૧૪૪૮ |
| ૧૩)શ્રી જીતેન્દ્ર પ્રવીણચંદ્ર પારેખ - સભ્ય | ૩૮૬૮૧૭૯ | ૨૦૫૧૯૯૪/૨૦૯૨૮૬૩ |
| ૧૪)શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી - સભ્ય | ૩૦૮૩૧૩૬ | ૩૪૨૬૩૧૬/૩૪૦૦૫૦૨ |
| ૧૫)શ્રી સંજય બાબુલાલ શેઠ - સભ્ય | ૨૩૪૯૭૪૮ | |
| ૧૬) શ્રી નીમીષ બાબુલાલ ગાંધી - સભ્ય | ૮૦૭૬૧૮૮ | ૨૦૬૧૮૯૦/૨૦૮૩૪૫૦ |
| ૧૭)શ્રી સંજય જયંતીલાલ શાહ - સભ્ય | ૮૯૪૪૬૦૯ | ૨૩૧૮૯૫૭/૩૮૫૧૮૩૭ |
| ૧૮) શ્રી કીર્તી હીરાલાલ કડકીઆ - સભ્ય | ૩૮૫૭૬૮૯ | ૨૦૫૩૪૭૬ |

| | | |
|---|---|---|
| ૧૯)શ્રી રૂપીન પૂનમચંદ્ર કડકીઆ - સભ્ય | ૪૯૪૫૪૯૪ | ૩૪૧૧૭૦૬/૩૪૨૦૨૨૦ |
| ૨૦)શ્રી જસ્મીન બીપીન શેઠ - સભ્ય | ૨૦૬૪૮૭૪ | ૨૦૫૦૮૦૫ |
| ૨૧) શ્રી ભાવેશ બીપીનચંદ્ર મોદી - સભ્ય | ૪૯૪૧૯૧૭ | ૨૦૬૦૦૦૯ |
| ૨૨) શ્રી નીતીન રસીકલાલ ગાંધી - સભ્ય | ૮૦૮૮૮૨૪ | ૮૬૫૦૦૭૨ |
| ૨૩)શ્રી નીતીન જયંતીલાલ પરીખ - સભ્ય | ૩૦૯૯૮૩૧ | ૩૪૨૭૬૫૦ |
| ૨૪)શ્રી ગોપાળ રમણલાલ કડકીઆ - સભ્ય | ૮૦૭૧૪૦૬ | ૨૦૮૯૧૩૮, ૨૦૬૩૯૪૧ |
| ૨૫)શ્રી કલ્પેશ કિર્તનલાલ ધારીઆ - સભ્ય | ૬૭૭૮૯૫૫<br>૬૭૭૮૭૫૨ | ૨૦૬૧૫૧૪/૨૩૩૬૦૬૧ |
| ૨૬) શ્રી નીતીન કિર્તનલાલ શાહ - સભ્ય | ૮૮૧૦૨૬૪ | ૨૬૬૪૨૩૫/૨૬૬૫૩૪૪ |
| ૨૭)શ્રી સમીર જ્યેન્દ્ર ગાંધી - સહાયક સભ્ય | ૩૮૭૯૦૯૮ | ૨૦૬૦૨૯૪/૨૦૩૮૦૭૭ |
| ૨૮) શ્રી અજીત નટવરલાલ મોદી - સહાયક સભ્ય | ૨૦૯૦૧૫૧ | |
| ૨૯)શ્રી નીલેષ નવનીતલાલ શાહ - સહાયક સભ્ય | ૮૦૧૯૪૯૧ | ૨૦૮૮૯૬૫/૨૦૩૪૮૭૩ |
| ૩૦)શ્રી નીખીલ બાબુલાલ પરીખ - તંત્રી | ૩૮૨૨૫૧૦ | ૪૪૪૯૯૧૬/૪૪૪૯૯૨૯ |

# વિવિધ સમિતિના સંયોજકો ૨૦૦૨-૨૦૦૩

| | | |
|---|---|---|
| ૧) | સ્વાસ્થ્ય | શ્રી ભદ્રેશ પ્રવીણચંદ્ર ધારીઆ |
| ૨) | મેડીક્લેમ યોજના | શ્રી નીતીન રસીકલાલ ગાંધી |
| ૩) | હોસ્પિટલ સહાય | શ્રી ભદ્રેશ પ્રવીણચંદ્ર ધારીઆ |
| ૪) | વહીવટી ખર્ચ | શ્રી હરેન્દ્ર ચીમનલાલ મોદી |
| ૫) | રસોત્સવ | શ્રી કિર્તીભાઈ હીરાલાલ કડકીઆ |
| ૬) | ક્રિકેટ | શ્રી રાજુ મોહનલાલ પરીખ |
| ૭) | જ્યોતિપુંજ | શ્રી નિખિલ બાબુલાલ પરીખ |
| ૮) | વસ્તીપત્રક સમિતિ | શ્રી ભાવેશ બીપીનભાઈ મોદી |
| ૯) | ઉપનગર સમિતિ | શ્રી નિતીન રસીકલાલ ગાંધી |
| ૧૦) | પુસ્તક સમિતિ | શ્રી રૂપિન પૂનમચંદ કડકીઆ |
| ૧૧) | નોટબુક સમિતિ | શ્રી ગોપાલ રસીકલાલ કડકીઆ |
| ૧૨) | મહિલા વિભાગ | શ્રીમતી હેમુબહેન ગોપાલભાઈ કડકીઆ |
| ૧૩) | ફી સહાય | શ્રી સતીશચંદ્ર ભીખાલાલ પરીખ |
| ૧૪) | પ્રવાસ પર્યટન | શ્રી નીતીન સુરેન્દ્ર પરીખ |
| ૧૫) | કોમ્પ્યુટર શિક્ષણ | શ્રી સમીર જયેન્દ્ર ગાંધી |

# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

## ઓગસ્ટ મહિનાનો પ્રોગ્રામ

ઓગસ્ટ મહિનો એટલે 'શ્રાવણના સરવૈયાને પડે વરસાદના છુટાછવાયા ઝાપટા - ને આપે રોગોને આમંત્રણ. ડૉક્ટરોનું દવાખાનું ભરાય દરદીઓથી' ને આવા સમયે બેનોના સજેશનને માન આપી આપણે મળીએ ડૉ.ને સાંભળીએ અને રોગનું નિરાકરણ કરીએ.

સ્પેશીયાલીસ્ટ ચામડીના ડૉ. હેમન શાહ

સ્પેશીયાલીસ્ટ દાંતના ડૉ. રેગે

સ્પેશીયાલીસ્ટ આંખના ડૉ. રાજીવભાઈ શાહ જેઓ આપણી જ જ્ઞાતિના ભાઈ નવનીતભાઈ સરકારના પુત્ર છે.

આ ત્રણે ડૉ.નું મિલન કરાવનાર આપણી જ જ્ઞાતિના ભાઈ શ્રી રસીકભાઈ વલસાડવાળાના પુત્ર ડૉ. રાજેશભાઈ પરીખ તેમજ શ્રી રોહીતભાઈ કડકિયા (ઓટલાવાળા)ના પુત્ર ડૉ. સૌમીલભાઈ કડકિયા પોતાનો અમુલ્ય સમય આપી સંચાલન કરશે તો સભ્ય બહેનોને આવવા આમંત્રણ છે. વહેલો તે પહેલોના ધોરણે આપના પાસ રૂા. ૩૦/- આપી મેળવી લેશો.

**સ્થળ** : બી.સી.એ. (ગરવારે ક્લબ) એસ.એસ. હોલ

**તારીખ** : ૧૬-૮-૨૦૦૨ શુક્રવાર

**સમય** : ૩.૩૦ વાગે

પાસ મેળવવાનું સ્થળ : મંડળની ઓફિસ, અરદેશર સ્ટ્રીટ, સી.પી.ટેન્ક

તારીખ : ૨-૮-૨૦૦૨ બપોર. ૨.૩૦ થી ૫.૦૦ સુધી

તા.ક. ૨૬મી જુલાઈએ 'વાગ્યો વરસાદનો છાંટો' તેના પાસ વહેલા તે પહેલા તા. ૧૫મી એ સંસ્થાના ઓફિસેથી મેળવી લેવા નમ્ર વિનંતી છે.

૩ વર્ષથી ઉપરના બાળકોને ન લાવવા નમ્ર વિનંતી છે

*- હેમુ કડકિયા*

## DONATIONS PROMISED / RECEIVED ON MARRIAGE OCCASION

| Father/Donor's Name | Bride / Groom's Name | Date of Marriage | Donation Amount |
|---|---|---|---|
| Mr. Girish Kantilal Mehta (Padalwala) | Chirag (Groom) | 21-5-02 | Rs. 31000/- |
| Mr. Arvind Chimnlal Parikh | Rachana (Bride) | 21.05.02 | Rs. 31000/- |
| Mr. Nalinkumar Parikh (Secunderabad) | Keni (groom) | 11.05.02 | Rs. 5000/- |
| Mr. Bharat Kantilal Parikh | Payal (Bride) | 11-05-02 | Rs. 1500/- |

The Samaj also requests the donors to contact Shri Vrajesh Desai, Hon.Secretary, Pragati Samaj or Bhandol Samiti Convenier Shri Pankaj Dharia (Tele : 3421434/3422991) whose names are not published in the JYOTI PUNJ though the donations have been confirmed but missed out due to the oversight.

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

## સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની કારોબારીની ૧૨મી બેઠક સંસ્થાના પ્રમુખશ્રી અસીત ર. દેસાઈના પ્રમુખ પદે શ્રી બાલાસિનોર પ્રગતી સમાજની ઓફીસમાં તા. ૨૨.૫.૨૦૦૨ના બુધવારે સાંજે ૭.૧૫ કલાકે મળી હતી. ગત કાર્યવાહક સમીતીની કાર્યનોંધનું વાંચન સહમંત્રીશ્રી નીતીન પરીખે વાંચી સંભળાવ્યું હતું. તે પસાર કરવામાં આવ્યું હતું. ટેલીફોન ડીરેકટરીના સંયોજક શ્રી સૌમીલ મોદી એ ટેલીફોન ડીરેકટરીના વિમોચન અંગેની જાણકારી આપી હતી તથા કયાં કયાં વિતરણ કરવામાં આવશે તેની જાણ કરી હતી. અને વધે તો પડતર કિંમતે વેચાણ કરવામાં આવશે. ક્રિકેટના સંયોજક તથા ખજાનચી તરફથી આવેલ પત્રો માટે ચર્ચા કરવામાં આવી હતી અને યોગ્ય ખુલાસા બાદ પત્રો પાછા ખેચવામાં આવ્યા હતાં. વાર્ષિક સમાન્ય સભામાં રજુ થનાર મંત્રી નિવેદન જાણકારી માટે શ્રી પ્રદીપ કડકીઆએ વાંચી સભળાવ્યું હતું.

ગેરહાજર રહેલ સભ્યોના પત્રની નોંધ લઈ તેઓની લીવ પૂરવામાં આવી હતી. પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરેલ જાહેર કરી હતી.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની કારોબારીની ૧૩મી બેઠક (One Day Metting) સંસ્થાના પ્રમુખશ્રી આશીત ર.દેસાઈના પ્રમુખપદે તા. ૨.૬.૨૦૦૨ના રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફીસમાં કાલબાદેવી ખાતે મળી હતી. ગત કાર્યવાહક સમીતીની કાર્યનોંધનું વાંચન સંસ્થાના સહમંત્રી શ્રી હેમેન્દ્ર ર. શાહે વાંચી સંભળાવ્યું હતું. તે


# ગોકુલેશ સમાજના સંગાથે

ચંપારણ, ગોકુલ મથુરા, ઓખા બેટ-દ્વારકા તથા બાલાસિનોરની સપ્તાહનું વિડીયો શુટીંગ તથા ફોટોગ્રાફી કરી આવેલ મનુભાઈ મામતોરાના જે જે શ્રી ગોકુલેશ.

તમારા ઘરનાં શુભ પ્રસંગો લગ્ન, વેવિશાળ, બર્થડે પાર્ટી સીલ્વર જુબલી વગેરે માટે વીડીયો શુટીંગ તથા ફોટોગ્રાફી અને સીડી રેકોડીંગ વ્યાજબી ભાવે કરી આપશું આ સાથે મોડેલીંગ પણ કરીએ છીએ.

**ઈન્ડિયા ફોટો**

**મનુભાઈ મામતોરા**

૧-૯ બ્રહ્મક્ષત્રિય નિવાસ, દહાણુકર વાડી,
દત્તમંદિર રોડ, કાંદિવલી વેસ્ટ,
મુંબઈ - ૪૦૦ ૦૬૭.
ફોન નંબર : ૮૦૮ ૭૦૫૫
મોબાઈલ નંબર : ૯૮૨૧૨ ૮૩૭૩૯

પાસર કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૦૧-૨૦૦૨ના હિસાબી નિવેદન સંસ્થાના ખજાનચી શ્રી કલ્પેશ ધારીઆએ રજુ કર્યુ હતું તે પસાર કરવામાં આવ્યાં હતાં. વાર્ષિક સામાન્ય સભામાં રજુ થનાર મંત્રી નિવેદન પસાર કરવામાં આવ્યું હતું. બંધારણ ઉપરના સુધારા વધારા આવ્યા હતા તે મૂકવામાં આવ્યાહતા. તે ચર્ચા વિચારણા બાદ પસાર કરવામાં આવ્યું હતું. ચૂંટણી પંચના અધયૂક્ષ શ્રી યોગેશભાઈ ધારીઆએ રજુઆત કરી હતી કે શેહર વિભાગમાંથી કુલ ચાર બેઠક માટે ૭ ફોર્મ તથા ઉપનગર વિભાગમાંથી કુલ ૬ ફોર્મ આવ્યા હતા તેમાંથી ૧ ફોર્મ રદબાતલ થતાં તથા કુલ શહેર વિભાગમાંથી ત્રણ તથા ઉપનગર વિભાગમાંથી બે ઉમેદવારીપત્રક પાછા ખેંચાતા ચૂંટણી કરવાની રહેતી નથી.

પ્રમુખ સ્થાનેથી વિવિધ સભ્યોના સુચનો આવ્યા હતા. તે ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ગેરહાજર રહેલા સભ્યની લીવ પૂરવામાં આવી હતી. પ્રમુખશ્રી તરફથી આમંત્રિતો તથા કારોબારીના સભ્યો માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરેલ જાહેર કરી હતી.

## ૫૨મી વાર્ષિક સમાન્ય સભા

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૫૨મી વાર્ષિક સામાન્ય સભા તા.૩૦.૬.૨૦૦૨ના રવિવારે સાંજે ૪.૦૦ કલાકે સંસ્થાના પ્રમુખશ્રી આશિત ર. દેસાઈના પ્રમુખ સ્થાને ચંદારામજી ગર્લ્સ હાયસ્કુલ, સી.પી.ટેન્ક ખાતે મળી હતી જેમાં ૧૬૨ સભ્યો હાજર રહ્યા હતાં.

ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન સહમંત્રી શ્રી નીતીન પરીખે વાંચી સભળાવ્યું હતું. તે સર્વાનું મતે પસાર કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રીના હસ્તે શૈક્ષણિક પારિતોષીકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૩૧મી માર્ચ ૨૦૦૧-૨૦૦૨ના પૂર્ણ થયેલ અન્વેષિત હિસાબી નિવેદન ખજાનચીએ રજુ કર્યુ હતું તે પસાર કરવામાં આવ્યુ હતું. વર્ષ ૨૦૦૧-૨૦૦૨ના કાર્યવાહક સમીતીનો અહેવાલ મંત્રીશ્રીએ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો. માનદ્ અન્વેષકની નિમણૂંકનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

બંધારણ પરના સુધારા વધારા આવેલ હતા તે પસાર કરવામાં આવ્યો હતો અને આ અંગેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

સભામાં કોઈ ઠરાવો આવ્યા ન હતાં. પ્રમુખ શ્રીની અનુમતીથી સભ્યોએ સુચનો કર્યા હતાં તેની વિચારણા કરવામાં આવી હતી. ત્યાર બાદ પ્રમુખ શ્રીના હસ્તે ટેલીફોન ડીરેક્ટરીનું વિમોચન કરવામાં આવ્યું હતું અને તે દાતાને અર્પણ કરવામાં આવી હતી. પ્રમુખ શ્રીએ ભાષણ રજૂ કર્યું હતું અને આભાર માની સભા બરખાસ્ત કરેલ જાહેર કરી હતી.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની કારોબારીની ૧લી બેઠક સંસ્થાના પ્રમુખ શ્રી આશીત ર. દેસાઈના પ્રુમખ પદે તા. ૩૦-૬-૦૨ના રવિવારે સાંજે ૭.૦૦ કલાકે ચંદારામજી ગર્લ્સ હાયસ્કુલમાં મળી હતી. ગત કાર્યવાહક સમિતિના કાર્ય નોંધનું વાંચન નીતીન પરીખે વાંચી સંભળાવ્યું હતું તે પસાર કરવામાં આવ્યું હતું. ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી (શહેર તથા ઉપનગર વિભાગ) ખજાનચી, ટ્રસ્ટીઓ તથા તંત્રીની નિમણુક કરવામાં આવી હતી.

સંઘના સંચાલિત વિવિધ ફિક્સ ડીપોઝીટના તથા બેંકોના વ્યવહારનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. ત્રણ કોપ ઓપ્ટસભ્યની નિમણુક કરવામાં આવી હતી. તથા વિવિધ સમિતિના સંયોજકોની નિમણુક કરવામાં આવી હતી.

ગેરહાજર રહેલ સભ્યના પત્રની નોંધ લઈ તેઓની લીવ પૂરવામાં આવી હતી. તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખ શ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરેલ જાહેર કરી હતી.

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧ મોદી દિપકભાઈ ઓચ્છવલાલ (ઠાસરાવાળા)
બી/૧૧, મજીઠિયા એપાર્ટમેન્ટ, ૪થે માળે, ઈર્લા,
એસ.વી. રોડ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬
ફોન નં. : ૬૨૮૩૯૨૧

૨ શાહ જયંતીલાલ ચીમનલાલ
શાહ કમલેશ જયંતીલાલ
એ/૫૦૧, રાજસારથી, રોયલ કોમ્પલેક્ષ,
એક્સર રોડ, બોરીવલી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૯૨
ફોન નં. : ૮૦૬૩૫૬૪

૩ દોશી વિદુલા રમેશભાઈ
સી-૧૦૪, માધવબાગ, ૧લે માળે, અંધેરી કુર્લા રોડ,
આરસા હોટલની સામે અંધેરી (ઈસ્ટ), મુંબઈ૬૯
ફોન : ૬૮૪૩૦૦૪ - ૯૮૨૦૪૬૬૦૮૩

૪ મીનલ દિનકરલાલ પરીખ
૨/બી નેબર હુડ, રૂમ નં. ૩૦૩ લોખંડવાલા,
ટાઉન શીપ, આકુર્લી રોડ, કાંદિવલી (ઈસ્ટ)
મુંબઈ-૪૦૦ ૧૦૧
ટે.નં. : ૮૮૬૬૭૨૯
મોબાઈલ : ૯૮૬૯૦૦૦૪૫૯

## શુભ લગ્ન

૧) હાર્દિક યોગેશકુમાર મહેતા (પડાલવાળા)
કાદંબરી દેવરાજભાઈ ધગલ
૨) કેનીકુમાર નલીનભાઈ ઓચ્છવલાલ પરીખ (બખલી)
પાયલ ભરતકુમાર કાંતિલાલ પરીખ
૩) પ્રજેશ દિપકભાઈ ઓચ્છવલાલ કડકીઆ
જસ્મિકા જગદીશભાઈ બચુલાલ કાનાણી
૪) હેતલ અતુલકુમાર પરીખ
ચંદ્રેશ જયંતીલાલ કડકીઆ

## નવા ફોન નંબર

૧) કડકીઆ શશીકાંત (બચુભાઈ) કાંતીલાલ
(ઘર) : ૬૭૦ ૭૭૩૬
(ઓફિસ) : ૨૦૪ ૪૫ ૨૨ / ૨૦૪ ૯૧૫૪
૨) શરદભાઈ નટવરલાલ દેસાઈ
૩૮૧૨૪૯૭
૩) સંજય કિર્તનલાલ શાહ
નિગમ કિર્તનલાલ શાહ
૮૦૪ ૪૧૮૪

## તેજસ્વી તારલાં

❀ શ્રી કેતન જયંતિલાલ કડકીઆ (ધંગેલા)ના સુપુત્ર ચી. કેનોય કડકીઆએ Electronics & Telecommunication Engineeringનાં University of Mumbai પૂરાં લેવાયેલ ત્રણે Semister માં ફર્સ્ટ ક્લાસ પાસ થયેલ છે. સંસ્થાવતી કેનોયને અભિનંદન.

❀ માનસી કેતન મોદી S.S.C.ની પરીક્ષામાં ૮૬.૬% માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી તેઓને અભિનંદન

❀ ત્વીષા મંજુલ ધારીઆ BSC (IT)ની પરીક્ષામાં ૭૦ ટકા માર્કસ સાથે ૪થા ક્રમાંકે પાસ થયા છે. સંસ્થાવતી અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | ઉ.વ. |
|---|---|
| ૧. લીલાબેન લાલચંદ મોદી (બખલી) | ૭૩ |

**પ્રભુ સદગતના આત્માને ચિર :શાંતિ અર્પે**

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**